**ભાવાર્થ:-**

(૧) '**जिनवरवृषभेण**' એ શબ્દના બે અર્થો થાય છે.

(૧) આ કાળના પ્રથમ તીર્થંકર શ્રી વૃષભદેવ ભગવાને.'

(૨) 'સર્વ તીર્થંકર દેવોએ' : તે નીચે પ્રમાણે–

**जिन** = મિથ્યાત્વ અને રાગાદિને જીતનાર (અસંયત સમ્યગ્દષ્ટિ, શ્રાવક અને મુનિને જિન કહી શકાય છે.)

**जिनवर** = જિનોમાં જે શ્રેષ્ઠ હોય છે તે 'જિનવર' છે. ગણધરદેવ પણ જિનવર કહેવાય છે.

**जिनवरवृषभ** = જિનવરોમાં પણ જે શ્રેષ્ઠ હોય છે તે. દરેક તીર્થંકર ભગવાન 'જિનવરવૃષભ' (ભાવઅપેક્ષાએ) કહેવાય છે.

**(૨) द्रव्य-**પ્રશ્ન – દ્રવ્ય એટલે શું?

ઉત્તર – ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

પ્રશ્ન – ગુણ કોને કહે છે?

ઉત્તર – જે દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે તેને ગુણ કહે છે.

**(૩) जीवम् अजीवम्**

(૧) સહજ શુદ્ધ ચૈતન્ય જેનું લક્ષણ છે તે જીવદ્રવ્ય છે.

(૨) તેનાથી વિલક્ષણ (પુદ્ગલાદિ પાંચ જેના ભેદ છે) તે અજીવદ્રવ્ય છે.

---

* જીવના શ્રદ્ધાગુણની વિપરીત અવસ્થાને મિથ્યાત્વ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ:-**

**૧. સામાન્ય લક્ષણ** - અહીં જે જીવનું લક્ષણ વ્યવહારનયે કહ્યું છે તેમાં સંસારી કે મુક્ત જીવોનું જુદું-જુદું કથન કર્યું નથી તેથી 'સામાન્ય' છે; એક આ કારણ છે; બીજું કારણ એ છે કે શુદ્ધ જ્ઞાન-દર્શન એવું કથન કર્યા વિના, જ્ઞાન-દર્શન ઉપયોગોના 'સામાન્ય' પણે ભેદ કરવામાં આવ્યા છે; માટે તેમાંથી યથાસંભવ જે જીવને જે લાગુ પડે તે તે જીવનું લક્ષણ સમજવું.

**૨. ઉપયોગ** - ગાથા ૪થી ૬ માં 'ઉપયોગ' નો અર્થ જ્ઞાનદર્શનનો ઉપયોગ સમજવો. (ઉપયોગની વ્યાખ્યા ગાથા ૪ના ભાવાર્થમાં આપી છે.) ચારિત્ર ગુણની શુભોપયોગ - અશુભોપયોગ - શુદ્ધોપયોગ અવસ્થા છે તે અહીં સમજવી નહીં.

**૩. 'વ્યવહારનય'** - અભેદ આત્મામાં જ્ઞાનની પર્યાયોના ભેદ પાડવા તે 'વ્યવહાર' છે,(જુઓ, ભૂમિકા.) અહીં પોતાની પર્યાયને 'વ્યવહારનય' અને ગાથા ૩માં પરસંયોગી પદાર્થને 'વ્યવહારનય' કહ્યો છે.

**૪. નિશ્ચયનય** - શુદ્ધનયે અર્થાત્ નિશ્ચયનયે 'શુદ્ધજ્ઞાન દર્શન' જીવનું લક્ષણ છે. જીવનો અસલી સ્વભાવ કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ છે તેથી શુદ્ધનયે તે જીવનું લક્ષણ છે. આ લક્ષણ પોતાના દ્રવ્યથી અભેદ છે, તેથી તે શુદ્ધનયનો વિષય છે. આ નિશ્ચયનય ત્રિકાળી[૧] સ્વરૂપને

---

૧. આ નય નિષેધક છે અને તે વડે વ્યવહારનય નિષેધ્ય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**૩. નયો:-** આ ગાથામાં બે નયો છે- (૧) વ્યવહાર, (૨) નિશ્ચય.

(**अ**) પર દ્રવ્યોને જીવ ખરેખર ભોગવી શકતો નથી, પણ જીવનો વિભાવ તે પ્રસંગે નિમિત્તમાત્ર છે. એટલું જ્ઞાન કરાવવા માટે જીવ સાતા-અસાતા કર્મના અનુભાગરૂપ ફળને ભોગવે છે, એમ વ્યવહારનયે[1] (ભોક્તા) કહેવાય છે, વળી કર્મોના ફળપણે અનુકૂળ-પ્રતિકૂળ (સુખ-દુઃખરૂપ) પદાર્થોનો સંયોગ થાય છે તેને ભોગવવાનો ભાવ જીવ કરે છે એટલું જીવનું નિમિત્તમાત્રપણું બતાવવા માટે જીવ સુખ-દુઃખરૂપ બાહ્ય પદાર્થો ભોગવે છે એમ વ્યવહારનયે[2] કહેવામાં આવે છે. તેથી ખરેખર જીવ કર્મના અનુભાગને કે અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થોને ભોગવે છે, એમ સમજવું નહીં.

(**ब**) અહીં નિશ્ચયનયના બે વિભાગ પડે છે-(૧) અશુદ્ધ નિશ્ચયનય, (૨) શુદ્ધ નિશ્ચયનય. અશુદ્ધ નિશ્ચયનયથી હર્ષ વિષાદરૂપ સુખ-દુઃખને જીવ ભોગવે છે; તથા શુદ્ધ નિશ્ચયનયથી અવિનાશી આનંદરૂપ સુખામૃતને જીવ ભોગવે છે.

**તાત્પર્ય:-** કર્તા સંબંધે જે ગા. ૮ માં જણાવ્યું છે તે આ ગાથાને પણ લાગુ પડે છે. જીવના કર્તૃત્વ અને ભોકતૃત્વ વિવેચન કરવાનો ગ્રંથકારનો[3] એવો અભિપ્રાય છે કે - જીવ યથાર્થ વસ્તુસ્વરૂપને જાણીને

---

૧. આ અનુપચરિત અસદ્ભૂત (જુઠો) વ્યવહારનય છે.

૨. આ ઉપચરિત અસદ્ભૂત (જુઠો) વ્યવહારનય છે.

૩ પં. હીરાલાલજીકૃત દ્રવ્યસંગ્રહ પૃ. ૨૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) સંસારી. સિદ્ધ જીવો પરિપૂર્ણ સુખી છે. સંસારીમાં જે અજ્ઞાની છે તે પોતાની મિથ્યા માન્યતાના કારણે ચારે ગતિઓમાં પરિપૂર્ણ દુઃખી છે. તેઓ [૧]પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરે છે. તેઓ અનુકૂળ બાહ્ય પદાર્થોથી સુખ અને પ્રતિકૂળ પદાર્થોથી દુઃખ માને છે અને તેથી ઈન્દ્રિયસુખ ખરેખર દુઃખ હોવા છતાં તેને પ્રાપ્ત કરવા મથે છે અને દુઃખી થાય છે. સાધક જીવો તેમની શુદ્ધતાના પ્રમાણમાં સુખી છે. કેવળી ભગવાન પરિપૂર્ણ [૨]સુખી છે.

**૨. પ્રશ્નઃ-** જીવની સિદ્ધ દશા ન માનીએ તો ?

**ઉત્તરઃ-** તો જીવની સંસારી દશા સિદ્ધ થતી નથી. તેમને ‘સંસારી’ વિશેષણ કોઈ બીજા જીવોથી જુદા ઓળખાવવા માટે લગાડવામાં આવે છે. જો અસંસારી (સિદ્ધ) જીવો ન હોય તો સંસારી અવસ્થા જીવોની જ ઠરશે નહીં. સંસારી દશાનો પ્રતિપક્ષ ભાવ સિદ્ધ દશા છે. જો જીવને સંસાર અવસ્થા જ ન હોય તો ધર્મ કરવાનો અને અધર્મ ટાળવાનો પુરુષાર્થ જ રહેશે નહીં.

**૨. સંસારી જીવોના ભેદોઃ-** સંસારી જીવોના બે ભેદ છેઃ (૧) સ્થાવર (૨) ત્રસ. સર્વે એકેન્દ્રિય જીવો સ્થાવર જીવો છે. જેના પાંચ

---

૧. ખરેખર કોઈ પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી, તે તો બધાં જ્ઞેયમાત્ર છે. પોતાની અજ્ઞાનદશા અનિષ્ટ અને જ્ઞાનદશા ઈષ્ટ છે પણ અજ્ઞાની તેથી વિપરીત માને છે.

૨. કેવળી ભગવાન અસિદ્ધભાવને લીધે સંસારી છે. તે ભાવનો અભાવ થતાં સિદ્ધ થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ભાવાર્થઃ- ૧. ભૂમિકા** - બૃહદ્ દ્રવ્યસંગ્રહની આ ગાથાની ભૂમિકામાં લખ્યું છે કેઃ-

"હવે શુદ્ધપારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિક નયે સર્વ જીવો શુદ્ધ બુદ્ધ એકસ્વભાવમય છે. પશ્ચાત્ (પછી) અશુદ્ધનયે ચૌદ માર્ગણાસ્થાન તથા ચૌદ ગુણસ્થાન સહિત હોય છે એવું કથન કરે છે."

---

૧. **મિથ્યાત્વઃ-** સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ અને જીવાદિ તત્ત્વોમાં વિપરીત માન્યતા; સ્વ-પરના એકત્વની શ્રદ્ધા અતત્ત્વશ્રદ્ધા.

૨. **સાસાદનઃ-** સમ્યક્ત્વ છોડીને મિથ્યાત્વ તરફ જવું.

૩. **મિશ્રઃ-** સમ્યક્ત્વ અને મિથ્યાત્વના એકીસાથે પરિણામોનું થવું.

૪. **અવિરત સમ્યક્ત્વઃ-** સમ્યક્ત્વ તો છે જ પણ નબળાઈવશ કોઈ પ્રકારના નિશ્ચયવ્રત અને ચારિત્ર ધારણ ન કરે. સ્વરૂપાચરણચારિત્ર હોય.

૫. **દેશસંયતઃ-** સમ્યક્ત્વ સહિત એકદેશ (અંશે) નિશ્ચયચારિત્રનું પાળવું.

૬. **પ્રમત્તસંયતઃ-** સમ્યક્ ચારિત્રની ભૂમિકામાં અહિંસાદિ શુભોપયોગરૂપ મહાવ્રતોને પાળે છે એ પ્રમાદ છે. (સર્વથા નગ્ન દિગમ્બરદશાપૂર્વક મુનિપદ હોય છે.)

૭. **અપ્રમત્તસંયતઃ-** પ્રમાદરહિત થઈને માત્ર આત્મ સ્વરૂપમાં સાવધાન રહે છે.

૮. **અપૂર્વકરણઃ-** સાતમાં ગુણસ્થાનની ઉપર પોતાની વિશુદ્ધતામાં અપૂર્વરૂપે ઉન્નતિ કરવી.

૯. **અનિવૃત્તિકરણઃ-** આઠમાં ગુણસ્થાનથી અધિક ઉન્નતિ કરવી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૫. ચરમદેહથી કિંચિત્ ન્યૂનઃ-** તેરમા ગુણસ્થાનના અંતભાગમાં નાસિકાદિ છિદ્રો પુરાઈ જઈ એક ચૈતન્યઘન બિંબ થઈ જતાં હોવાથી સિદ્ધ ભગવાનોનો આકાર ચરમદેહથી કાંઈક ન્યૂન હોય છે.

**૬. લોકાગ્ર સ્થિતઃ-** (૧) આ ગાથામાં તથા ગા. ૫૧માં બન્ને સ્થળોએ આત્માના ઉપાદાનકારણનું જ કથન કર્યું છે. બન્નેમાંથી એકેય ગાથામાં 'ધર્માસ્તિકાયના અભાવ' ને વર્ણવ્યો જ નથી, કારણ કે તે તો અભાવરૂપ નિમિત્તમાત્રનું જ્ઞાન છે. ઉપાદાનકારણ હોય ત્યાં ઉચિત નિમિત્ત જ સદ્ભાવ કે અભાવરૂપ હોય એ અબાધિત નિયમ છે. તેથી ઉપાદાનકારણ કહેતાં જ નિમિત્તકારણ ગૌણપણે (અધ્યાહારરૂપે) આવી જ ગયું. નિમિત્તકારણ તે ખરું કારણ નથી, એ તો ઉપચારમાત્ર કારણ છે. (૨) ગાથાઃ- ૨માં કહેલ આ ઊર્ધ્વગમનસ્વભાવ વિસ્રસા ઊર્ધ્વગતિ છે.

**૭. ઉત્પાદ-વ્યય સહિતઃ-** સિદ્ધપણું થયું તે બદલીને સંસારીપણું ન થાય; પણ દરેક સમયે ઉત્પાદ-વ્યય ન થાય તો દ્રવ્યના સતપણાનો નાશ થાય કેમ કે- 'ઉત્પાદવ્યયધ્રુવયુક્ત સત્' હોય છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૩૮ તથા પં. હીરાલાલજી ટીકાવાળું દ્રવ્યસંગ્રહ પૃ. ૫૦ [દ્રવ્યસંગ્રહની ગા. ૫૧માં 'પુરુષાકાર' શબ્દ વિશેષ જણાવ્યો છે, તે અર્થસૂચક છે. (તે એમ બતાવે છે કે કોઈપણ દ્રવ્ય સ્ત્રી કદી મોક્ષ પામવાને પાત્ર નથી.) સિદ્ધ ભગવંતો ખડ્ગાસન કે પદ્માસન આકારે હોય છે.]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉપાદાનકારણથી સુખપ્રાપ્તિ થાય છે અને કાળથી નહિ એમ સમજવું: કાળ તો હેય[1] છે. ( –કાળલબ્ધિ હેય છે. )

**૪. ઉપાદાન કાર્યરૂપે પરિણમે તો કાળ નિમિત્ત કહેવાય, જો ન પરિણમે તો ન કહેવાય:-** ( ૧ ) સમસ્ત વિકલ્પરહિત વીતરાગચારિત્ર તે ન ત્રણે કાળે મુક્તિકારણ છે. તેના અભાવે કાળ મુક્તિનું સહકારી કારણ પણ થતું નથી, તેથી તે હેય છે.

( ૨ ) તેથી એમ સમજવું કે નિમિત્તકારણ હેય છે અને જ્યાં ઉપાદાનકારણ હોય ત્યાં જ નિમિત્તકારણનો ઉપચાર ઉચિત પરપદાર્થ ઉપર આવી શકે, તે વિના કદી પણ નહિ. તેથી જે જીવે પોતાના આત્માની સન્મુખ થઈ, ધર્મપરિણતિ પ્રગટ કરી હોય તેને જ કાળલબ્ધિનું યથાર્થ

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૨૧, પૃ. ૫૫. ઉપર પ્રમાણે કથન બીજા શાસ્ત્રોમાં પણ આવે છે. જેમકે–શ્રી રાયચંદ્ર શાસ્ત્રમાળા પંચાસ્તિકાય પૃ. ૪૨, ૧૬૦, ૨૧૭, ( પોતાનું ઉપાદાનકારણ ઉપાદેય છે અને કાળ ( લબ્ધિ ) હેય છે. મોક્ષપાહુડ ગા. ૨૪માં ‘ કાળાદિલબ્ધિ ’ ભગવાન શ્રીકુંદકુંદાચાર્યે તથા સ્વામીકાર્તિકેય અનુપ્રેક્ષામાં ગા. ૧૮૮, ૨૧૯, ૨૪૪, ૩૨૧થી ૩૨૩–૪૧૮માં વાપરેલ છે. ત્યાં પણ ઉપર પ્રમાણે જ અર્થ કરવો.

૨. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૨૨ પૃ. ૫૯ વીતરાગચારિત્ર સાથે અવિનાભાવપણે નિશ્ચયસમ્યકત્ત્વ હોય છે. મોક્ષપ્રાભૃતની ગા. ૮૮માં કહ્યું છે કે “ બહુ કથન કરવું ? જે શ્રેષ્ઠ પુરુષ ભૂતકાળમાં સિદ્ધ થયા, વર્તમાનમાં થાય છે. ભવિષ્યમાં થશે તે સમ્યકત્ત્વનું માહાત્મ્ય છે. ”

જ્ઞાન હોય તેમ ન હોય. તે [૧]એકાંત કાળવાદી છે. કાળલબ્ધિને યથાર્થપણે માનનાર નથી.

## ૫. કાળલબ્ધિનું મોક્ષમાર્ગમાં સ્થાનઃ-

**અનેકાંત સિદ્ધાંતઃ-** સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, ભવિતવ્ય અને કર્મના ઉપશમાદિ-એ પાંચ કારણોનો મેળાપ (સમવાય) હરેક સમયે એક સાથે મોક્ષમાર્ગમાં હોય છે એવો શ્રી જૈનધર્મનો અનેકાંત સિદ્ધાંત છે. પૂર્વોક્ત કારણો કહ્યા તેમાં કાળલબ્ધિ અને ભવિતવ્ય તો કોઈ વસ્તુ જ નથી, પણ જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ, તથા જે કાર્ય થયું તે જ ભવિતવ્ય (એટલે આત્માએ તેમાં કાંઈ કરવાનું જ નથી.) કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્ગલની શક્તિ છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી, તથા પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે, માટે આત્માને પુરુષાર્થ (સ્વસન્મુખ થવારૂપ) ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો મળે જ મળે-(મેળવવાનો પ્રયત્ન કરવાનો હોતો નથી.) એ રીતે કાળલબ્ધિ નિમિત્તમાત્ર છે-હેય છે; તેના તરફનું વલણ તો રાગ ઉત્પન્ન કરે છે માટે કાળલબ્ધિનો આશ્રય છોડી નિજ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરવો.

**તાત્પર્યઃ-** જીવ[૩] આગમભાષાએ કાલાદિલબ્ધિરૂપ, અધ્યાત્મ

---

૧. ગોમ્મટસાર કર્મકાણ્ડ ગા. ૮૭૯.

૨. મોક્ષમાર્ગ પ્રકાશક ૯મો અધિકાર પૃ. ૩૧૧.

૩. પંચાસ્તિકાય ગા. ૧૫૦-૧૫૧. શ્રી જયસેનજી ટીકા. પૃ. ૨૧૭ હિંદી.

માફક કાલાણુઓ અલગ અલગ રહેલાં છે. જેવી રીતે રત્નોનો ઢગલો કરવાથી દરેક રત્ન અલગ અલગ રહે છે, તેવી રીતે લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એક એક કાલાણું અલગ અલગ છે. લોકાકાશના પ્રદેશ અસંખ્યાત હોવાને કારણે કાલદ્રવ્ય પણ અસંખ્યાત દ્રવ્ય છે. આ કાલાણુઓના નિમિત્તથી બધાં દ્રવ્યોની અવસ્થા પલટાય છે. ૨૨.

## દ્રવ્યોનો ઉપસંહાર અને અસ્તિકાય

**एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं।**
**उत्तं कालविजुत्तं णायव्वा पंच अत्थिकाया दु।। २३।।**

**एवं षड्मेद इदं जीवाजीवप्रभेदत: द्रव्यम्।**
**उक्तं कालवियुक्तम् ज्ञातव्या: पंच अस्तिकाया: तु।। २३।।**

**અન્વયાર્થ:-** ( **एवं** ) આ પ્રમાણે ( **जीवाजीवप्रभेदत:** ) જીવ અને અજીવના પેટા ભેદોથી ( **इदं** ) આ ( **द्रव्यं** ) દ્રવ્ય ( **षड्भेद** ) છ પ્રકારે ( **उक्तं** ) કહેવામાં આવ્યું છે, ( तु ) વળી તેમાં ( **कालवियुक्तम्** ) કાળદ્રવ્ય સિવાય ( **पंच अस्तिकाया:** ) પાંચ અસ્તિકાય ( **ज्ञातव्या:** ) જાણવા.

**ભાવાર્થ:-** દ્રવ્યના મુખ્ય બે ભેદ છે. જીવ અને અજીવ. અજીવના પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ ભેદ છે. કુલ દ્રવ્ય છ છે; આમાંથી કાળ સિવાય બાકીનાં પાંચ દ્રવ્યો 'પંચાસ્તિકાય' કહેવાય છે. ૨૩.

## અસ્તિકાયનું લક્ષણ

**संति जदो तेणेदे अत्थीति भणंति जिणवरा जम्हा।**
**काया इव बहुदेसा तम्हा काया य अत्थिकाया य।। २४।।**

( **अनन्ताः** ) અનંતા અને ( **मूर्ते** ) પુદગલમાં ( **त्रिविधाः** ) ત્રણ પ્રકારમાં એટલે સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ( **प्रदेशाः** ) પ્રદેશો છે, અને ( **कालस्य** ) કાળદ્રવ્યનો ( **एकः** ) એક પ્રદેશ છે ( **तेन** ) તેથી ( **न सः कायः** ) તે કાળદ્રવ્ય કાયવાન નથી.

**ભાવાર્થઃ-** એક જીવ સમસ્ત લોકાકાશમાં પ્રસરી શકે છે, લોકાકાશના અસંખ્યાતા પ્રદેશ છે તેથી જીવ અસંખ્યપ્રદેશવાળો છે. ધર્મ અને અધર્મ પણ સમસ્ત લોકાકાશમાં તલમાં તેલની માફક ફેલાયેલ છે, તેથી તે બંને દ્રવ્યો પણ અસંખ્યાત પ્રદેશવાળાં છે. આકાશના અનંત પ્રદેશ છે, કારણ કે આકાશ લોકાકાશની બહાર પણ છે, તેની કોઈ મર્યાદા નથી. પુદ્‌ગલ દ્રવ્યના અનંતા પરમાણુંઓ છે, પરંતુ એક પરમાણુ અલગ પણ હોય તે છે અને બે, ચાર, વીશ, હજાર, લાખ વગેરે પરમાણુઓ મળીને નાનો અથવા મોટો સ્કંધ થાય છે. આ કારણથી પુદ્‌ગલને સંખ્યાત, અસંખ્યાત, તથા અનંત પ્રદેશવાળો કહેવામાં આવેલ છે. કાલના અણુ એક એક અલગ રહે છે, તે મળીને સ્કંધ થતો નથી. આ કારણથી કાલદ્રવ્ય કાયવાન નથી. ૨૬.

**તાત્પર્ય:-** (૧) આસ્રવો[1] અશુચિ છે-અપવિત્ર છે. ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ જ્ઞાયકસ્વભાવ હોવાથી અત્યંત શુચિ-પવિત્ર છે.

(૨) આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે, માટે તેઓ ચૈતન્યથી વિપરીત સ્વભાવવાળા છે. ભગવાન આત્મા તો સદાય વિજ્ઞાનઘન સ્વભાવમય હોવાથી પોતે જ ચેતક છે.

(૩) આસ્રવો આકુળતા ઉપજાવે છે, ભગવાન આત્મા સુખરૂપ છે. આ પ્રમાણે બંનેનો તફાવત જાણીને, પરાશ્રય છોડી, નિજ શુદ્ધાત્માનો આશ્રય કરવો તે જીવનું કર્તવ્ય છે.

(૪) આસ્રવો[2] જીવ સાથે નિબદ્ધ છે. અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખરૂપ છે, દુઃખ જ જેનું ફળ છે એવા છે-એમ જાણીને જીવે સ્વાશ્રય કરવો જોઈએ. ૨૦.

## ભાવાસ્ત્રવોનાં નામ અને તેના ભેદ

मिच्छत्ताविरदिपमादजोगकोहादओऽथ विण्णेया।
पण पण पणदह तिय चदु कमसो भेदा दु पुष्वस्स।। ३०।।

मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादय: अथ विज्ञेया:।
पंच पंच पंचदश त्रय: चत्वार: क्रमश: भेदा: तु पूर्वस्य।। ३०।।

**અન્વયાર્થ:-** ( **अथ** ) અને ( **पूर्वस्य** ) ભાવાસ્રવના

---

૧. સમયસાર ગા. ૭૨. ૨. સમયસાર ગા. ૭૪.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( **मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः** ) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધ વગેરે ( **भेदाः** ) ભેદો છે: ( **तु** ) વળી તેના ( **क्रमशः** ) ક્રમે કરીને ( **पंच** ) પાંચ, ( **पंच** ) પાંચ, ( **पंचदश** ) પંદર ( **त्रयः** ) ત્રણ અને ( **चत्वारः** ) ચાર એમ બત્રીસ ભેદો ( **विज्ञेयाः** ) જાણવા જોઈએ.

**ભાવાર્થ:- ૧. મિથ્યાત્વની વ્યાખ્યા:-** ( ૧ ) અભ્યંતરમાં[૧] વીતરાગ નિજ આત્મતત્ત્વ-અનુભૂતિની રુચિ સંબંધી વિપરીત અભિનિવેશ તે મિથ્યાત્વ છે. ( ૨ ) [૨]પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના અન્યથા શ્રદ્ધાનને અને અદેવ ( કુદેવ ) ને દેવ માનવા, અતત્ત્વને તત્ત્વ માનવા, અધર્મ ( કુધર્મ ) ને ધર્મ માનવો ઈત્યાદિ વિપરીત શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે.

**૨. તેના પાંચ ભેદો:-** ( ૧ ) એકાંત, ( ૨ ) વિપરીત, ( ૩ ) સંશય, ( ૪ ) અજ્ઞાન અને ( ૫ ) વિનય મિથ્યાત્વ. તેની વ્યાખ્યા શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાંથી વાંચી લેવી.

**૩. અવિરતિની વ્યાખ્યા:-** ( ૧ ) નિર્વિકાર[૨] સ્વસંવેદનથી વિપરીત અવ્રતપરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે. ( ૨ ) હિંસાદિ પાપોમાં તથા પાંચ ઈન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે અવિરતિ છે. ( ૩ ) અભ્યંતરમાં[૧] નિજ પરમાત્મસ્વરૂપ ભાવનાથી ઉત્પન્ન જે પરમ સુખામૃતરતિ તેનાથી વિલક્ષણ, બહિર્વિષયમાં અવ્રતરૂપભાવ તે અવિરતિ છે.

**૪. અવિરતિના પાંચ ભેદો:-** ( ૧ ) [૧]હિંસા, ( ૨ ) અસત્ય, ( ૩ ) ચોરી, ( ૪ ) અબ્રહ્મ અને ( ૫ ) પરિગ્રહ એમાં ઇચ્છારૂપ અવિરતિ પાંચ પ્રકારની છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ. પૃ. ૭૮-૭૯.
૨. લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા. ૭૮ થી ૮૦.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૫. પ્રમાદની વ્યાખ્યાઃ-** અભ્યંતરમાં નિષ્પ્રમાદ શુદ્ધાત્માની અનુભૂતિથી ચલનરૂપ, બહિર્વિષયમાં મૂળ ઉત્તરગુણ મલજનકભાવ-તે પ્રમાદ છે.

**૬. યોગઃ-** કર્માસ્રવના હેતુભૂત આત્માના પ્રદેશોનું પરિસ્પંદ તે યોગ છે.

**૭. ક્રોધાદિ કષાયઃ-** જે પરમ ઉપશમરૂપ નિજપરમાત્માસ્વરૂપ છે તેમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર તથા બાહ્ય વિષયમાં પર પ્રત્યે ક્રૂરતા આદિ આવેશરૂપ જે ક્રોધાદિ છે તે કષાય છે. (તેના પેટા ભેદો માટે કોઠો જુઓ).

**૮. જૈનધર્મની આમ્નાયઃ-** જૈનધર્મમાં* તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. એ મિથ્યાત્વ શત્રુનો અંશ પણ બૂરો છે, માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખસમુદ્રમાં ડૂબાવવા ન ઇચ્છતો હોય તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો.

**૯. મિથ્યાત્વાદિ સંબંધી થતી ભૂલોઃ-**

(૧) અન્ય દેવાદિ સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વને તો જાણે પણ અનાદિ અગૃહીત મિથ્યાત્વ છે તેને ન ઓળખે.

(૨) બાહ્યત્રસ-સ્થાવરની હિંસાને વા ઇન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતિ જાણે પણ હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે તથા

---

* મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૬. પા. ૧૫૮.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણ શુદ્ધ પર્યાય છે તેની માફક પૂર્ણ શુદ્ધ પણ નથી. પણ તે બંને પર્યાયોથી વિલક્ષણ શુદ્ધાત્માના અનુભવસ્વરૂપ નિશ્ચયરત્નત્રય-મોક્ષનું કારણ-તે એકદેશ વ્યક્તિરૂપ (-એટલે કે એકદેશ આવરણરહિત એવી) ત્રીજા પ્રકારની અવસ્થાન્તર છે.

**૬. શુદ્ધોપયોગની શરૂઆતઃ- (૧) ચોથા ગુણસ્થાને** અનાદિની મિથ્યાદષ્ટિ જતાં ૪૧ પ્રકૃતિનો સંવર શરૂ થાય છે; તે નિશ્ચયસમ્યગ્દર્શનનો મહિમા છે. તે પ્રથમ નિર્વિકલ્પ દશા થતાં થાય છે. તે નિર્વિકલ્પ દશા અલ્પ કાળ રહે છે, અને પછી ઘણે અંતરાળે થાય છે. (પરંતુ જે શુદ્ધતા થઈ છે તે ચાલુ રહે છે અને તે ક્રમે-ક્રમે વધે છે. એ શુદ્ધતાને શુદ્ધપરિણતિ કહેવામાં આવે છે. એવી રીતે ચોથા ગુણસ્થાનથી અંશે, શુદ્ધ-અંશે અશુદ્ધ એવી મિશ્ર ચારિત્રપર્યાય હોય છે. જે ઉપર પારા ૨-૩-૪માં બતાવ્યું છે.) આ નિર્વિકલ્પ દશા તે જ શુદ્ધોપયોગ[૧] છે. પરંતુ ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ બહુ ગૌણ છે અને શુભોપયોગ પ્રચૂરપણે હોય છે. તેથી બહુપદના પ્રધાનપણાના કારણે 'આમ્રવન-'નિમ્બવન' માફક શુભોપયોગ અથવા [૨]પરંપરા શુદ્ધોપયોગ (નિમિત્ત) સાધક શુભોપયોગ હોય છે એમ કહેવાની શાસ્ત્રની પદ્ધતિ છે. પણ તેથી ૪-૫ ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા અર્થાત્ શુદ્ધોપયોગ

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશકમાં શ્રી ટોડરમલજી ચિઠી પૃ. ૩૪૯, આત્મઅવલોકન પૃ. ૧૬૨-૬૩-૬૫.

૨. પ્રવચનસાર ગા. ૯ જયસેનજી ટીકા પૃ. ૧૧ પ્ર. સાર અ. ૩ ગા. ૪૮ પૃ. ૩૪૨.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) તેની ટીકામાં કહ્યું છે કેઃ– "માર્ગ ખરેખર સંવર છે, તેના નિમિત્તે (તેના અર્થે) ઇંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવ દ્વારા બંધ થાય છે."

(૩) શુભોપયોગને સંવર કહ્યો નથી પણ માર્ગ ખરેખર સંવર છે એમ સ્પષ્ટતા કરી છે. વળી ત્યાં 'જેટલા અંશે'–'તેટલા અંશે' એ શબ્દો વાપર્યા છે, તે બતાવે છે કે સાધક જીવોને ચારિત્રની એક પર્યાયમાં બે અંશો હોય છે. (૧) વીતરાગી અંશ અને (૨) રાગ અંશ છે. તેમાં જે વીતરાગી અંશ અર્થાત્ શુદ્ધ પરિણતિ કષાયના અભાવરૂપ છે તે સંવર છે, જે રાગ અંશ છે શુભોપયોગ છે; તે તો બંધનું જ કારણ છે તેને સંવર માનવો તે ભ્રમણા છે.

(૪) આ શુભોપયોગ ભૂમિકાનુસાર વીતરાગી શુદ્ધ પરિણતિનો સહચર છે, તેથી તેને સંવરનું (ઉપાદાનકારણ નહિ પણ) માત્ર નિમિત્તકારણ કહેવામાં આવે છે.

(૫) તે નિમિત્તકારણ છે એવું જ્ઞાન કરાવવાનું પ્રયોજન એ છે કે આવો શુભોપયોગ સાધક જીવને તન્મયબુદ્ધિએ–એકત્વબુદ્ધિએ હોતો નથી પણ નિષેધબુદ્ધિએ (હેયબુદ્ધિએ–વિયોગબુદ્ધિએ) હોય છે, તેને તે ઓળંગી જવા માગે છે અને તેનો પુરુષાર્થ ચાલુ છે; શુદ્ધતાનો પુરુષાર્થ ક્રમે ક્રમે વધારી શુભ ભાવનો અભાવ કરશે. આ કારણે જ વ્યવહાર રત્નત્રયરૂપ શુભોપયોગ પરમાર્થે બાધક હોવા છતાં સહચર* હોવાથી વ્યવહારનયે નિશ્ચયનયનો સાધક એટલે ભિન્ન સાધક–સાધ્ય (નિમિત્તરૂપે) કહેવાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નિર્જરાનું લક્ષણ અને ભેદ

जहकालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण।
भावेण सडदि णेया तस्सडण चेदि णिज्जरा दुविधा।। ३६ ।।

यथाकालं तपसा च भूक्तरसं कर्म्मपुद्गलं येन।
भावेन सडति ज्ञेया तत्सडनं चेति निर्जरा द्विविधा।। ३६ ।।

**અન્વયાર્થ**:- (**यथाकालं**) સમય આવ્યેથી (**च**) અને (**तपसा**) તપ વડે (**भुक्तरसं**) જેનું ફળ ભોગવાઈ ગયું છે એવા (**कर्म्मपुद्गलं**) કર્મરૂપ પુદ્‌ગલ (**येन**) જે (**भावेन**) ભાવથી (**सडति**) ખરી જાય છે તેને ભાવ નિર્જરા (**ज्ञेया**) જાણવી (**च**) અને (**तत्सडनं**) કર્મોનું ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે (**इति**)–આ પ્રમાણે (**निर्जरा**) નિર્જરા (**द्विविधा**) બે પ્રકારે છે.

**ભાવાર્થ**:- **૧. નિર્જરા**:- અખંડાનંદ શુદ્ધાત્મસ્વભાવના બળ વડે આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે ભાવનિર્જરા છે; અને તે પ્રસંગે દ્રવ્યકર્મોનું સ્વયં-સ્વતઃ અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે. (તેમાં જીવનો શુદ્ધભાવ નિમિત્તમાત્ર છે.)

---

* સર્વજ્ઞ વીતરાગ કથિત આગમમાં કહ્યો તેવો જ વ્યવહાર નિમિત્ત ભૂમિકાનુસાર હોવાનો નિયમ છે માટે તેને સહચર કહેલ છે; પણ શ્વેતાંબર આદિ મત કથિત ગમે તેવા શ્રદ્ધાજ્ઞાન-ચારિત્ર લિંગવેશ હોય તેને સહચર માનેલ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવ થવો તે દ્રવ્યમોક્ષ છે. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય તે દશાને મોક્ષતત્ત્વ કહે છે. ગાથા. ૨, ૧૪, ૫૧માં 'સિદ્ધ પરમેષ્ઠી' સંબંધી જે કહ્યું છે તે અહીં લાગુ પડે છે.

**૨. મોક્ષતત્ત્વ સંબંધી ભૂલઃ-** (૧) આત્માની પરિપૂર્ણ શુદ્ધદશાનું પ્રગટ થવું તે મોક્ષ છે; તેમાં આકુળતાનો અભાવ છે-પૂર્ણ સ્વાધીન નિરાકુળ સુખ છે; પરંતુ અજ્ઞાની એવું નહિ માનતાં શરીરના-મોજશોખમાં જ સુખ માને છે. મોક્ષમાં દેહ, ઇન્દ્રિય, ખાવું-પીવું, મિત્રાદિ કાંઈપણ હોતું નથી, તેથી અજ્ઞાની અતીન્દ્રિય મોક્ષસુખને માનતો નથી એ તેની મોક્ષતત્ત્વની ભૂલ છે. (૨) અજ્ઞાની સિદ્ધ-સુખ અને ઇન્દ્રાદિ-સુખની એક જાતિ જાણે છે. જે ધર્મ-સાધનનું ફળ સ્વર્ગ માને છે. તે જ ધર્મ-સાધનનું ફળ તે મોક્ષ માને છે. કોઈ જીવ ઇન્દ્રાદિ પદ પામે તથા કોઈ મોક્ષ પામે ત્યાં એ બન્નેને એક જાતિરૂપ ધર્મનું ફળ થયું માને છે. વળી તે એવું માને છે કે જેને થોડું સાધન હોય છે તે ઇન્દ્રાદિ પદ પામે છે, તથા જેને સંપૂર્ણ સાધન હોય છે તે મોક્ષ પામે છે. જે કારણની જાતિ એક જાણે છે તેને કાર્યની પણ એક જાતિનું શ્રદ્ધાન અવશ્ય હોય, કારણ કે કારણવિશેષતા થતાં જ કાર્યવિશેષતા થાય છે. તેથી એવો નિશ્ચય થાય છે કે તેના અભિપ્રાયમાં ઇન્દ્રાદિ સુખ અને સિદ્ધ-સુખની જાતિમાં એક જાતિનું શ્રદ્ધાન છે. ઇન્દ્રાદિને જે સુખ છે તે તો કષાયભાવોથી આકુળતારૂપ છે તેથી તે પરમાર્થથી દુઃખી જ છે, તેથી તેની અને મોક્ષ-સુખની એક જાતિ નથી, વળી સ્વર્ગ-સુખનું કારણ તો પ્રશસ્તરાગ છે, ત્યારે મોક્ષસુખનું કારણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગભાવ છે, તેથી કારણમાં પણ ભેદ છે. હવે એવો ભાવ અજ્ઞાનીને ભાસતો નથી તેથી મોક્ષતત્ત્વનું પણ તેને સાચું શ્રદ્ધાન[૧] નથી. (૩) જેને એક તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ હોય તેને બધાં તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ હોય એમ સમજવું.

**૩. મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે શરીર-સુખનું સાધન હોવાની વાતનું ખંડનઃ-** ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ શરીર-સુખનું સાધન થતું જ્ઞાનીઓ દેખતા-અનુભવતા નથી. સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ પરિણતિએ પરિણમે છે. ઇન્દ્રિયસુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે. તેમાં દેહ કારણ નથી. જો કે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (આશ્રય) કરે છે, તોપણ સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે? અકિંચિત્કર છે-કાંઈ કરતાં નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને [૨]અવલંબે છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૭. સિદ્ધ અવસ્થામાં દુઃખના અભાવની સિદ્ધિ માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૭૬.

૨. પ્રવચનસાર ગા. ૬૫ થી ૬૮ તથા ટીકા પૃ. ૯૭ થી ૧૦૩.

બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૭. ટીકા પૃ. ૧૩૯-૧૪૦.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**૪. કેવળી અને સિદ્ધ ભગવંતોનું સુખઃ-** તે [1]સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપમ, અનંત (અવિનાશી) અને અવિચ્છિન્ન (અત્રુટક) છે. આ સુખ નિજઆત્મારૂપ ઉપાદાનકારણથી સિદ્ધ છે.

**૫. મોક્ષ અવસ્થાઃ-** સંપૂર્ણપણે ભાવકર્મ – દ્રવ્યકર્મરૂપ મલકલંકથી રહિત તથા શરીર રહિત જે આત્મા છે તેને આત્યંતિક, સ્વાભાવિક, અચિંત્ય, અદ્‌ભૂત અને અનુપમ સકળ વિમળ કેવળજ્ઞાનાદિ અનંતગુણોના સ્થાનરૂપ જે વિશિષ્ટ અવસ્થા છે તે [2]મોક્ષ છે.

**૬. ભાવમોક્ષઃ-** આ અવસ્થા ચાર ઘાતિકર્મનો નાશ થતાં તેરમે ગુણસ્થાનકે [3]પ્રગટે છે.

**૭. દ્રવ્યમોક્ષઃ-** સિદ્ધ થતાં બાકી રહેલાં બધાં કર્મોનો અભાવ થાય છે.

**૮. અભવ્યત્વ [4]ગુણઃ-** સ્વશુદ્ધાત્મા અભિમુખપરિણતિ–

---

૧. પ્રવચનસાર ગા. ૧૩ ટીકા, પૃ. ૧૭ બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૧૩૯. ઉપાદાનથી સિદ્ધ કહેતાં જ કર્મોના અભાવના કારણે તે સુખ થયું નથી એમ સમજવું, કેમકે કર્મ પરદ્રવ્ય છે તે સુખદુઃખ આપવા સમર્થ નથી.

૨. બૃ.. દ્રવ્યસંગ્રહ પા. ૧૩૯.

૩. પંચાસ્તિકાય ગા. ૧૫૧–૧૫૩

૪. ભવ્યત્વ અને અભવ્યત્વ એ જીવના અનુજીવી ગુણો છે. જુઓ, પ. ગોપાલદાસજી કૃત જૈન સિદ્ધાંત પ્રવેશિકા. આપ્તમીમાંસા શ્લોક નં. ૯૯–૧૦૦ ટીકા તથા બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૮ ટીકા,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન કુંદકુંદાચાર્યદેવ શ્રી સમયસાર ગા. ૧૧માં ફરમાવે છે કે વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે, એમ ઋષિશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભુતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે-થાય છે. કર્મનો સ્વભાવ જ એવો છે કે જીવ જ્યારે આ ગાથામાં કહ્યા પ્રમાણે પુરુષાર્થ કરે ત્યારે તેની અવસ્થા ઉપશમાદિરૂપ થયા વિના રહે જ નહિ.

(૨) સમયસાર કળશ નં. ૧૨માં કહ્યું છે કે જગતના પ્રાણીઓ એ સમ્યક્સ્વભાવનો અનુભવ કરો. કારણ કે, ત્રણે કાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ શીઘ્ર ભિન્ન કરીને, મિથ્યાત્વને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને નાશ કરીને-અંતરંગમાં પોતાના આત્માનો અનુભવ કરી શકાય છે.

(૩) અનાદિના કર્મબંધના કારણે નહિ પણ અનાદિબંધના વશે પર સાથે એકપણાના નિશ્ચયથી જીવ મૂઢ-અજ્ઞાની છે, પણ ભેદજ્ઞાનમાં પ્રવીણપણું કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. કર્મ કંઈ જીવને આત્મજ્ઞાન કરતાં રોકતું નથી, તે તો જડ છે. પોતે કોણ અને જીવ કોણ, તેની તો તેને ખબર પણ નથી. માટે કર્મનો દોષ કાઢવો તે અન્યાય છે. જો કર્મનો દોષ હોત તો જીવોને ભગવાન ઉપદેશ ન આપત; પણ જીવોનો જ દોષ છે; તેથી ભગવાને દોષ બતાવી તે દોષ ટાળવા માટે પરનો આશ્રય છોડી, સ્વનો આશ્રય કરવાનો ઉપદેશ જીવોને આપ્યો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(૪) આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે. તેઓ રાગ-દ્વેષ-મોહસ્વરૂપ આસ્રવભાવનું કારણ છે, તેથી સંસાર છે. પરંતુ જીવ જ્યારે આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધાત્માને ઉપલબ્ધ કરે છે ત્યારે આસ્રવભાવોનાં કારણોનો અભાવ થાય છે. (સમયસાર ગા. ૧૯૦-૧૯૧-૧૯૨ની ટીકામાં; તથા પંચાસ્તિકાય ગા. ૧૫૦-૧૫૧ની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્ય તથા શ્રી જયસેનાચાર્ય કહે છે કે-જીવ અનાદિથી કર્મને વશ થયો છે પણ તે જો આત્મા-અભિમુખ (સ્વસન્મુખ) થાય તો દર્શનમોહ અને અનંતાનુબંધીની કર્મપ્રકૃતિ ઉપશમાદિ અવસ્થા અવશ્ય પામે જ.)

(૫) શ્રી સમયસાર ગા. ૩૧૪, ૩૧૫ના ભાવાર્થમાં કહ્યું છે કે જ્યાં સુધી આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાના સમજી [૧]પરિણમે છે; એ રીતે મિથ્યાદષ્ટિ, અજ્ઞાની અસંયમી થઈને, કર્તા થઈને કર્મોનો બંધ કરે છે; અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદષ્ટાપણે પરિણમે છે.

(૬) શ્રી સમયસાર ગા. ૩૧૬ના ભાવાર્થમાં કહ્યું છે કે-અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને

---

૧. કર્મોદયને વશ પરિણમવું કહો કે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમવું કહો-એ બન્ને એકાર્થ વાચક છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો બન્ને કારણોમાં ભૂલ થાય જ. એટલે બન્ને અંશોનો યથાર્થ નિર્ણય કરવો જરૂરી છે.

૭. એ નિયમને અનુસરીને આ શાસ્ત્રમાં પણ સાચો મોક્ષમાર્ગ એક જ કહેલ છે અને તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, પણ તેનું નિરૂપણ બે પ્રકારે કર્યું છે. 'શુદ્ધ' (વીતરાગી અંશ) અને શુભ (સરાગી અંશ) બતાવવા માટે કર્યું છે.

૮. મુનિરાજની મુખ્યતાથી અહીં નિશ્ચય-મોક્ષમાર્ગ કહ્યો છે; તેથી નીચેનાં ગુણસ્થાનોમાં નિશ્ચય-મોક્ષમાર્ગ હોતો નથી એમ ન સમજવું નીચેના ૫-૬ ગુણસ્થાનોમાં 'અસમગ્ર રત્નત્રય' હોય છે. એમ પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ગાથા-૪૧૦-૪૧૧-૪૧૪ તથા ચારિત્ર પાહુડ ગાથા ૨૧માં કહેલ છે. બૃ. દ્રવ્યસંગ્રહ ટીકામાં ગા. ૪૧, પૃ. ૧૫૮માં કહ્યું છે કે - "બાહ્ય અભ્યંતર એમ બન્ને પ્રકારનાં રત્નત્રયને ધારણ કરવાવાળા મુનિ, આર્યિકા, શ્રાવક તથા શ્રાવિકા એ ચાર પ્રકારનાં સંઘમાં ગાયને વત્સમાં પ્રીતિ રહે છે તે સમાન ××× " તે જ પાને સ્થિતિ કરણની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે - "ભેદાભેદ રત્નત્રયના ધારક મુનિ, આર્યિકા શ્રાવક, શ્રાવિકા એ ચારનો સંઘ છે. ××× "

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પતન થતાં થાય છે અને ઘણો અલ્પકાળ રહે છે. (આ કારણે આ પર્યાય સંબંધી વિશેષ કથનની જરૂર નથી; આ ત્રીજે ગુણસ્થાને જ હોય છે.)

**૨. ચોથે ગુણસ્થાને પ્રગટતું નિશ્ચયસમ્યગ્દર્શન એક જ પ્રકારે છે:-** સમ્યગ્દર્શન તો કાંઈ [૧]બે નથી, પણ સમ્યગ્દર્શનનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શન નિરૂપણ કર્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે તથા જે સમ્યગ્દર્શન તો નથી પરંતુ સમ્યગ્દર્શનનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી સમ્યગ્દર્શન કહીએ. તે વ્યવહાર સમ્યગ્દર્શન છે; કારણ કે નિશ્ચય-વ્યવહારનું [૨]સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર, માટે નિરૂપણ અપેક્ષાએ બે પ્રકારે સમ્યગ્દર્શન જાણવાં, પણ એક નિશ્ચય સમ્યગ્દર્શન છે, અને એક વ્યવહાર સમ્યગ્દર્શન છે-એમ બે સમ્યગ્દર્શન માનવાં મિથ્યા છે.

**૩. નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા તથા તેનું એક જ કાળે થવું:-** (૧) સાચા દેવ-ગુરુ-ધર્મમાં દ્રઢ પ્રતીતિ, (૨) જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ, (૩) સ્વ-પરનું શ્રદ્ધાન, (૪) આત્મશ્રદ્ધાન અર્થાત્ શ્રદ્ધાગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધાત્માની-

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૩-૨૫૪. 'મોક્ષમાર્ગ' ને બદલે 'સમ્યગ્દર્શન' શબ્દ ઉપર લીધો છે.

૨. ચારે અનુયોગોનાં સર્વે શાસ્ત્રોમાં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અખંડજ્ઞાયકભાવની પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આ લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધા થાય છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ પણ ધ્યાનમાં રાખવું કે નિશ્ચયવ્યવહાર સમ્યગ્દર્શન એક જ કાળે થાય છે. વિપરીત અભિનિવેશરહિત આત્મપરિણામ તે નિશ્ચયસમ્યક્ત્વ છે, કારણ કે એ સત્યાર્થ સમ્યક્ત્વનું સ્વરૂપ છે. અને સત્યાર્થનું નામ જ નિશ્ચય છે, તથા એ વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનનું (નિમિત્ત) કારણભૂત શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે. કારણ કે અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે અને ઉપચારનું નામ જ વ્યવહાર છે. ત્યાં જીવને દેવ-ગુરુ-ધર્માદિનું સાચું શ્રદ્ધાન છે અને તેના જ નિમિત્તથી તેના શ્રદ્ધાનમાં વિપરીત અભિનિવેશનો અભાવ થાય છે. માટે અહીં વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે તો નિશ્ચયસમ્યક્ત્વ છે, તથા દેવ-ગુરુ-ધર્માદિનું શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે. એ પ્રમાણે એક જ કાળમાં તેને બન્ને સમ્યક્ત્વ હોય છે.

**૪. ઉપર કહેલ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યાનો ખુલાસો:-** (૧) જે જીવને સાચા દેવ-ગુરુ અને ધર્મની પ્રતીતિ હોય તેને સાત તત્ત્વની, સ્વપરની તથા આત્માની શ્રદ્ધા હોય જ, કેમકે સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનું પ્રયોજન સાત તત્ત્વોની શ્રદ્ધા તે છે અને સાત તત્ત્વોની શ્રદ્ધાનું પ્રયોજન-જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ તે સ્વ છે અને અજીવ, આસ્રવ અને બંધ તે પર છે-એવી શ્રદ્ધા કરવી તે છે. અને સ્વ-પરની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રદ્ધાનું પ્રયોજન પોતાની પર્યાય પોતાના જીવસામાન્ય સન્મુખી કરવી તે છે. કેમકે તેના આશ્રયે સંવર-નિર્જરા ને મોક્ષપર્યાય પ્રગટે છે.

(૨) જો એ ચારમાંથી કોઈ પણ એકની, બેની કે ત્રણની શ્રદ્ધા હોય અને બાકીનાની ન હોય તો તેને એકની સાચી શ્રદ્ધા નથી-એમ સમજવું.

(૩) દેવ, ગુરુ અને ધર્મ અથવા આપ્ત, આગમ અને ગુરુની શ્રદ્ધા-એ બન્ને કથનમાં ફેર નથી, બન્ને એક જ છે.

નિશ્ચયસમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનની સિદ્ધ અવસ્થા સુધીના સર્વે સમ્યગ્દ્રષ્ટિને હોય જ છે.

શ્રી રત્નકરણ્ડ શ્રાવકાચાર શાસ્ત્રની ગા. ૩૦-૩૩-૩૪-૩૫-૩૬ અગત્યની છે. ગાથા ૩૦માં કહ્યું છે કે-શુદ્ધદ્રષ્ટિ (નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ) જીવ, ભય-આશા-સ્નેહ અથવા લોભથી કુદેવાદિને પ્રણામ કે વિનય કરતા નથી. ગાથા ૩૩માં કહ્યું છે કે નિર્મોહી (સમ્યગ્દ્રષ્ટિ) ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે, પણ મિથ્યાદ્રષ્ટિ મુનિ તો મોક્ષમાર્ગમાં સ્થિત નથી, તેથી મિથ્યાદ્રષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે. (મોક્ષમાર્ગ એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા.) ગાથા ૩૫માં કહ્યું છે કે-સમ્યગ્દર્શનથી શુદ્ધ અવ્રતી હોય તોપણ તે નારક, તિર્યંચ, નપુંસક સ્ત્રી, માઠું કુળ, વિકળ અંગ કે નિર્ધનતામાં જન્મતો નથી. અહીં ચોથા ગુણસ્થાનવાળો જીવ શુદ્ધ (નિશ્ચય)-સમ્યગ્દર્શનધારી હોય છે, એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર સમ્યક્ત્વ તો રાગ છે, તે નીચેના ગુણસ્થાનમાં-ખેદ છે કે- આવ્યા વિના રહેતો નથી, પણ સમ્યગ્દ્રષ્ટિ તે રાગનો માત્ર જ્ઞાતા છે, કર્તા નથી. એટલે કે તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. આ સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનમાં શરૂ થાય છે અને સિદ્ધ અવસ્થામાં પણ સદાકાળ તેનો સદ્ભાવ રહે છે-એમ મોક્ષમાર્ગ પ્રકાશકમાં પૃ. ૩૨૦ કહ્યું છે. આ વ્યાખ્યા સાત તત્ત્વોની મુખ્યતાથી છે, ત્યાં બાકીના ત્રણ (-નિજ આત્માનું, સ્વ-પરનું તથા સુદેવાદિનું શ્રદ્ધાન) અવિનાભાવપણે હોય છે. સિદ્ધ ભગવાનને વ્યવહારસમ્યક્ત્વ હોતું નથી.

**૫. શાસ્ત્રોમાં સમ્યગ્દર્શન સંબંધી કથનપદ્ધતિઃ-** શાસ્ત્રોમાં કેટલીક જગ્યાએ સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રની સવિકલ્પ દશા અગર નિર્વિકલ્પ દશાને ભેળવી સમ્યગ્દર્શનનું વર્ણન કરવામાં આવે છે, તે પ્રસંગે નીચે પ્રમાણે કથન હોય છેઃ-

(૧) દશમા ગુણસ્થાનના છેલ્લા સમયે સંપૂર્ણ રાગનો અભાવ થાય છે અને તે પહેલાં ભૂમિકા અનુસાર રાગ રહે છે. તેથી "[૧]ચોથા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધીના જીવ સરાગી સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે, અને તેના ઉપરના વીતરાગી કહેવાય છે."

(૨) સાતમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી અબુદ્ધિપૂર્વક

---

૧. પં હીરાલાલજી કૃત દ્રવ્યસંગ્રહ ટીકા, ગા. ૩૬, પૃ. ૧૨૧.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ રહે છે તેને ગૌણ કરી "× × અપ્રમત્તાદિ[1] ગુણસ્થાનવર્તી વીતરાગચારિત્ર અવિનાભૂત વીતરાગ સમ્યક્ત્વ" અને ચોથે-પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને સરાગસમ્યક્ત્વ કહ્યું.

(૩) વીતરાગી ભાવલિંગી મુનિ સાતમે અને છઠ્ઠે ગુણસ્થાને વારંવાર આવે છે, તેની મુખ્યતા લઇ શ્રી જયસેનાચાર્યે શ્રી સમયસારની ટીકામાં કહ્યું છે કે-"પંચમ ગુણસ્થાન ઉપરના ગુણસ્થાનવર્તી વીતરાગ સમ્યગ્દષ્ટિઓનું મુખ્યપણે અને સરાગ સમ્યગ્દષ્ટિઓનું ગૌણપણે ગ્રહણ-એ પ્રમાણે વર્ણન 'સમ્યગ્દષ્ટિ' ની વ્યાખ્યા કાળે સર્વત્ર તાત્પર્યપણે જાણવું.[2]"

(સરાગ સમ્યગ્દષ્ટિને વીતરાગસમ્યગ્દષ્ટિની અપેક્ષાએ વ્યવહાર સમ્યગ્દષ્ટિ કહેવાય છે, અને વીતરાગ સમ્યગ્દષ્ટિને સરાગ સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ નિશ્ચય સમ્યગ્દષ્ટિ પણ કહેવામાં આવે છે. "જે જીવોને વ્યવહાર સમ્યગ્દષ્ટિ કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું, પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું. ચારિત્ર-

---

૧. શ્રી સમયસાર ગા. ૧૭૭-૧૭૮ શ્રી જયસેનજી ટીકા, પૃ. ૨૫૨-૨૫૩ પ્રથમ આવૃત્તિ. આવું કથન દ્રવ્યસંગ્રહ ગા. ૨૨ તથા પરમાત્મપ્રકાશની ટીકામાં આવે છે. પણ ત્યાં ગુણસ્થાન જણાવ્યા નથી.

૨. શ્રી સમયસાર ગાથા ૨૦૧-૨૦૨. શ્રી જયસેનજી ટીકા પૃ. ૨૮૭ આવૃત્તિ પહેલી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને વ્યવહાર સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ (પંચાસ્તિકાયની ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં) કહ્યું છે કે જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દૃષ્ટિ [1]થાય છે." એ રીતે સરાગ સમ્યગ્દૃષ્ટિ પણ ખરેખર (સાચા-નિશ્ચય) સમ્યગ્દૃષ્ટિ છે.)

બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૬ની ટીકા પૃ. ૧૩૭-૩૮માં સમ્યગ્દૃષ્ટિને 'વીતરાગ' એવું વિશેષણ શા માટે લગાવ્યું છે-એવો પ્રશ્ન કર્યો છે. તેના સમાધાનમાં કહ્યું છે કે-ભેદવિજ્ઞાન ઉત્પન્ન થવા છતાં જેટલા અંશે રાગાદિનો અનુભવ કરે છે, તેટલા અંશે ભેદવિજ્ઞાની પુરુષ પણ બંધાય છે. (અહીં કોઇ ગુણસ્થાનની વાત કહી નથી.)

(૪) શ્રદ્ધાગુણની એકની અપેક્ષા લેતાં ચોથે ગુણસ્થાને પ્રગટ થતું સમ્યગ્દર્શન વાસ્તવિક છે તેથી તે નિશ્ચય-સમ્યગ્દર્શન છે. અને સાતમે ગુણસ્થાને પ્રગટ થતું વીતરાગ અથવા નિશ્ચય સમ્યગ્દર્શન એ તો શ્રદ્ધા અને ચારિત્ર એ બે ગુણને ભેગા લઇને કહેવામાં આવે છે. આ સંબંધમાં શ્રી પરમાત્મપ્રકાશ અ. ૨, ગા. ૧૭, પૃ. ૧૪૬-૧૪૭માં કહ્યું છે કે-

---

૧. શ્રી પંચાસ્તિકાય ગા. ૨૭૨ ટીકા, પૃ. ૨૬૧ ફૂટનોટ ગુજરાતી તથા હિંદી પંચાસ્તિકાય શ્રી જયસેનજીની ટીકા પૃ. ૨૧૭-૧૮.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૫) તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વગુણ સમાન કહ્યો છે.

(૬) વિપરીત અભિનિવેશરહિત આત્મપરિણામ તે તો નિશ્ચય-સમ્યક્ત્વ છે, કારણ કે એ સત્યાર્થ સમ્યક્ત્વનું સ્વરૂપ છે.

(૭) સમ્યગ્દર્શન [૧]શુદ્ધ-નિર્મળ હોય છે.

(૮) જેને ભેદજ્ઞાન પ્રગટયું,-ચંદન[૨] જેવું શીતળ ચિત્ત જેને થયું, શિવમાર્ગમાં જે કેલિ કરે છે, જિનેશ્વરનો જે લઘુનંદન છે, સત્યસ્વરૂપ સદા જેને પ્રગટયું છે, જેને શાન્ત દશા છે, ગણધર જેવો વિવેક પ્રગટ્યો છે તે સમ્યગ્દષ્ટિ છે.

(૯) સમ્યક્ત્વ થતી વખતે [૩]નિર્વિકલ્પ દશા હોય છે, પછી પણ કોઇ કોઇ વખતે નિર્વિકલ્પ દશા હોય છે.

(૧૦) જે અંતરાત્માપણું[૪] પ્રગટે છે તે મિથ્યાત્વ, રાગાદિ રહિત હોવાથી શુદ્ધ છે;-તેમાં જેટલે અંશે શુદ્ધિ છે તેટલે અંશે મોક્ષનું કારણ થાય છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ (રાયચંદ્ર શાસ્ત્રમાલા) પૃ. ૧૫૧, ૧૬૧, ૧૭૬, રત્નકરંડશ્રાવકાચાર ગા. ૩૫-૩૬

૨. બનારસીદાસજી કૃત સમયસાર નાટક, મંગલાચરણ કાવ્ય ૬-૭-૮.

૩. અનુભવપ્રકાશ પૃ. ૫, પ્રવચનસાર ગા. ૮૦ જયસેનાચાર્ય ટીકા, પૃ. ૧૦૧-૨, પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૪૯.

૪. પ્રવચનસાર અ. ૩. ગા ૩૮ પૃ. ૩૨૯ જયસેનજી ટીકા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્ત-બહિરંગ સાધક-(ઉચિત નિમિત્ત) નું જ્ઞાન કરાવવા માટે કહેવાય છે. ખરી રીતે નિશ્ચય સાધક તો પોતાનો સ્વસન્મુખ થયેલો પુરુષાર્થ છે-એમ સમજવું.

**૬. સમ્યગ્જ્ઞાન અર્થે થતી પ્રવૃત્તિ સંબંધી:-** જો [૧]જીવને સાચું તત્ત્વજ્ઞાન થાય તો તે પુણ્ય-પાપના ફળને સંસાર જાણે, શુદ્ધોપયોગથી મોક્ષ માને અને ગુણસ્થાનાદિરૂપ જીવનું વ્યવહારનિરૂપણ જાણે. હવે તત્ત્વજ્ઞાનનું કારણ તો અધ્યાત્મરૂપ દ્રવ્યાનુયોગના શાસ્ત્ર છે. ત્યાં કોઈ જીવ એ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, પરંતુ ત્યાં જેમ લખ્યું છે તેમ પોતે નિર્ણય કરી પોતાને પોતારૂપ, પરને પરરૂપ તથા આસ્રવાદિને આસ્રવાદિરૂપ શ્રદ્ધા કરતો નથી. માટે યથાર્થ નિર્ણય કરી 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવો પોતાને પર દ્રવ્યથી ભિન્ન-કેવળ ચૈતન્યદ્રવ્યમય અનુભવવો એ કાર્યકારી છે.

**૭. સમ્યગ્જ્ઞાનના ભેદો:-** આ ભેદો પાંચ છે - (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યય અને (૫) કેવળજ્ઞાન-આ પાંચ જ્ઞાનગુણની સમ્યક્ પર્યાયો છે. આ, જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પણ ઊલટા તેને અભિનંદે છે-અભેદરૂપ જાહેર કરે છે. માટે એવા એક અભેદ આત્મસ્વભાવનું આલંબન કરવું [૨]તેનાથી જ નિજપદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ

---

૧. જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અ ૭, પૃ. ૨૪૦.

૨. સમયસાર ગા. ૨૦૪, પૃ. ૩૨૮-૩૨૯; પરમાત્મપ્રકાશ અ. ૧, ગાથા ૧૦૫ પૃ. ૧૦૯, ગા. ૧૦૭ પૃ. ૧૧૦.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अशुभात् विनिवृत्तिः शुभे प्रवृत्तिः च जानीहि चारित्रम्।
व्रतसमितिगुप्तिरुपं व्यवहारनयात् तु जिनभणितम्।।४५।।

**અન્વયાર્થ:-** ( **अशुभात्** ) અશુભ ક્રિયાઓથી ( **विनिवृत्तिः** ) નિવૃત્ત થવું ( **च** ) અને ( **शुभे प्रवृत्तिः** ) શુભમાં પ્રવૃત્તિ કરવી તેને ( **चारित्रं** ) ચારિત્ર ( **व्यवहारनयात्** ) વ્યવહારનયથી ( **जानीहि** ) જાણવું અને તે ચારિત્ર ( **व्रतसमितिगुप्तिरूपं** ) વ્રત, સમિતિ અને ગુપ્તિરૂપ છે એમ ( **जिनभणितं** ) જિનેશ્વર ભગવાને કહેલું છે.

**ભાવાર્થ:- ૧. વ્યવહારચારિત્ર** - ( ૧ ) આ ગાથા સમ્યગ્દષ્ટિના વ્યવહારચારિત્રની છે. ( મિથ્યાદષ્ટિને વ્યવહારચારિત્ર હોતું નથી ). ચારિત્ર ગુણની પર્યાયની શુદ્ધિનો નિયમ એવો છે કે તે ગુણની પર્યાય ચોથા ગુણસ્થાનથી ક્રમે ક્રમે શુદ્ધ થાય છે તેથી ચોથાથી દસમા ગુણસ્થાનના અંત સુધી તે ચારિત્રની એક પર્યાયના બે અંશો હોય છે. ( ૧ ) વીતરાગી અંશ સંવર-નિર્જરારૂપ છે અને ( ૨ ) રાગાંશ.

આ ગાથા છઠ્ઠા ગુણસ્થાનના ભાવલિંગીનું વ્યવહારચારિત્ર કેવું હોય અર્થાત્ ત્યાં શુભરાગાંશ જે આસ્રવ-બંધરૂપ શુભોપયોગ છે તે કેવો હોય એ સમજાવે છે.

( ૨ ) તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવપદાર્થનું નિરૂપણ કરતાં મહાવ્રત-અણુવ્રતને પણ આસ્રવરૂપ કહ્યાં છે તો એ ઉપાદેયરૂપ કેવી રીતે હોય ? તથા આસ્રવ તો બંધનો સાધક છે અને ચારિત્ર મોક્ષનું સાધક છે, તેથી એ મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોને ચારિત્રપણું સંભવતું નથી. ( ૩ ) પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## [ ગાથા ૯૨ ]

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે.
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨

(આ ગાથાઓની ટીકા વાંચવી.) આચાર્યદેવ ગા. ૯૨ની ટીકામાં કહે છે કે જીવને પોતાને ધર્મ થયો છે કે નહિ તેની ખબર પડી શકે છે, કેમકે પોતાને 'ધર્મ' પ્રગટયો છે એમ તેમાં જણાવે છે.

**૨. ધર્મ:-** નિશ્ચયચારિત્ર મોક્ષનું સાક્ષાત્ કારણ છે અને તેથી તેને 'ધર્મ' કહ્યો છે. ચોથે-પાંચમે-છઠ્ઠે ગુણસ્થાને તે તે ગુણસ્થાનને લાયક શુદ્ધિરૂપ ધર્મ હોય છે. ૪૬

## ધ્યાનાભ્યાસ કરવાની પ્રેરક્ષા

दुविहं पि भोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।
तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह।। ४७।।

द्विविध मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यत् मुनिः नियमात्।
तस्मात् प्रयत्नचित्ताः यूयं ध्यानं समभ्यसत।। ४७।।

**અન્વયાર્થ:-** (**यत्**) કારણ કે (**मुनिः**) મુનિ (**नियमात्**) નિયમથી (**द्विविधं अ पि**) બન્ને પ્રકારના પણ (**मोक्षहेतु**) મોક્ષનાં કારણોને (**ध्यानेन**) ધ્યાનથી (**प्राप्नोति**) પ્રાપ્ત કરે છે. (**तस्मात् प्रयत्नचित्ताः**) તેથી તેમાં પ્રયત્નશીલ થઇ ને (યૂય) તમે (**ध्यानं**) ધ્યાનનો (**समभ्यसत**) સારી રીતે અભ્યાસ કરો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દશામાં આવે છે ત્યારે તેને *આઠ અંગ અર્થાત્ આઠ ગુણરૂપ સમ્યક્ આચરણ (-ચરણ) હોય છે. અને કુગુરુ, કુશાસ્ત્ર અને કુતત્ત્વનો તેને સ્વીકાર હોતો નથી તથા કુદેવાદિ પ્રત્યે સ્તુતિ પ્રશંસા, વંદન, નમસ્કાર, મહિમા, આદર વગેરેરૂપ અનાચાર તેને હોતા નથી.

વળી તે જ જીવ જ્યારે પાંચમા ગુણસ્થાનને યોગ્ય ધ્યાનનું સામર્થ્ય પ્રગટ કરે છે ત્યારે તેને નિર્વિકલ્પ ધ્યાન હોય છે અને તે ધ્યાનથી ખસીને જ્યારે સવિકલ્પ દશામાં આવે છે ત્યારે તેને ભૂમિકાને યોગ્ય અણુવ્રતાદિનું આચરણ (-ચરણ) હોય છે, પણ અવ્રતના અશુભ ભાવો હોતા નથી.

આ ઉપરથી એમ સમજવું કે સ્વસન્મુખતારૂપ ધ્યાનમાં જ એવું સામર્થ્ય છે કે જીવ તે ધ્યાન વડે નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગ (શ્રાવક અને મુનિ ભૂમિકાનુસાર) પ્રાપ્ત કરે છે. ત્યાં જેટલા અંશે વીતરાગભાવ છે તેટલા અંશે સાચો મોક્ષમાર્ગ છે.

૨. ધ્યાનનો અભ્યાસઃ- એ કારણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પણ વારંવાર સ્વરૂપમાં એકાગ્ર થવાનો પુરુષાર્થ કરવો અને તે જ

---

*આઠ અંગના નામઃ- નિઃ શંકિતત્વ, નિષ્કાંક્ષિતત્ત્વ, નિર્વિચિકિત્સા, અમૂઢદ્રષ્ટિ, ઉપગૂહન અથવા ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના આના વિસ્તાર માટે જુઓ બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૪૧ સં. ટીકા, સમયસાર ગા. ૨૨૮ થી ૨૩૬ ગાથા, ટીકા અને ભાવાર્થ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમિતિઃ-** (૧) નિશ્ચયથી અનંતજ્ઞાનાદિ સ્વભાવધારક નિજ આત્મામાં સમ્યક્ પ્રકારે સમસ્ત રાગાદિ વિભાવના ત્યાગપૂર્વક આત્મામાં લીન થવું, આત્માનું ચિંતન કરવું, તન્મય થવું આદિ રૂપથી જે અયન-ગમન-પરિણમન તે સમિતિ છે.

(૨) વ્યવહારથી આચારગ્રંથકથિત ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને વ્યુત્સર્ગ એ પાંચ સમિતિ છે.

**સમુદ્ઘાતઃ-** મૂળ શરીરને છોડયા વિના આત્માના પ્રદેશોનું વિસ્તારરૂપે બહાર નીકળવું.

**સમ્યગ્જ્ઞાનઃ-** સંશયાદિ રહિત સ્વ-પરના નિશ્ચયવાળું જ્ઞાન.

**સર્વજ્ઞઃ-** ત્રણ લોક, અલોક અને ત્રણ કાળવર્તી સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાં સ્પષ્ટ-પ્રત્યક્ષ જાણનાર.

**સર્વ સાધુ પરમેષ્ઠીઃ-** જે નિશ્ચય સમ્યક્દર્શનાદિ સહિત છે. વીરાગી બની પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

